Extra No. 199

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **FRIDAY, JULY 24, 2026 / SRAVANA 02, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા / નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સદર ચૂંટણીમાં સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૭/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી ચૂંટણી લક્ષી જાહેરાત, પાટીયા, બેનર્સ, કટ આઉટ મુકવા માટે નીચે મુજબના નિયમો કરવા હુકમ કરૂ છું.

1) કોઈપણ રાજકીય પક્ષ/ ઉમેદવાર/ સંસ્થા અથવા વ્યકિત ધ્વારા કટ આઉટ, હોર્ડિંગ્સ, બેનર્સ, તોરણો, ધ્વજ, પતાકા વિગેરે કોઈ પણ જાહેર જગ્યાએ તેમજ જાહેર રસ્તા ઉપર મુકી શકાશે નહી. એટલે કે સરકાર, નગરપાલિકા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓછે વિગેરે હસ્તકની જાહેર જગ્યાએ (આવી જગ્યા કે મિલ્કત ભાડે આપી હશે તો પણ) મુકી શકાશે નહી.

2) જો કટ આઉટ, હોર્ડિંગ્સ વિગેરે ખાનગી મિલ્કતની જગ્યાએ મુકવામાં આવે તો નીચે દર્શાવેલ શરતોનું પાલન થવું જોઈશે અને તો જ ખાનગી માલિકીની જગ્યાએ આવા કટ આઉટ / જાહેરાત / પાટીયા / બેનર્સ મુકી શકાશે.

A. હોર્ડિંગ્સની સાઈઝ ૧૫ ફુટ x ૮ ફુટ વધારે હોવી જોઈએ નહી.

B. કટ આઉટની ઉંચાઈ ૮ ફુટથી વધારે હોવી જોઈએ નહી.

3) કોઈપણ રાજકીય પક્ષ/ ઉમેદવાર અથવા કોઈ વ્યકિતએ કોઈપણ ખાનગી સ્થળે કટ આઉટ, જાહેરાત, પાટીયા, બેનર્સ વિગેરે મુકતા પૂર્વે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી મેળવવાની રહેશે. તે અંગેની જાણ ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ અધિકારીશ્રીને તે લગાવ્યાના ત્રણ દિવસની અંદર કરવાની રહેશે.

4) કોઈપણ રાજકીય પક્ષ/ ઉમેદવાર અથવા કોઈ વ્યકિતએ ખાનગી જગ્યામાં મુકેલ કટ આઉટ, જાહેર પાટીયા, બેનર્સ વિગરેના સંદર્ભે જે તે જગ્યાના માલિકની લેખિત મંજુરી જિલ્લા ચૂંટણી અધિકારી, ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, પોલીસ અધિકારી અથવા આ અંગે અધિકૃત કરેલ હોઈ પણ અધિકારી જોવા માંગે ત્યારે તેઓતે સમક્ષ રજુ કરવાની રહેશે.

5) આ અંગેનો ખર્ચ જે વિસ્તારમાં હોર્ડિંગ્સમાં કટ આઉટ વિગેરે મુકેલ હોઈ તે વિસ્તારના સંબધકર્તા ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં દર્શાવવાનો રહેશે.

6) ખાનગી મિલ્કતોમાં હોર્ડિંગ્સ, કટ-આઉટ વિગેરે મુકવા માટે સ્થાનિક કાયદાનુસાર સંબંધિત સત્તાધિકારી પરવાનગીની જરૂર હોય તેવા પ્રસંગે આવી પરવાનગી લીધેલી હોવી જોઈએ તથા આવા કટ આઉટ, જાહેરાત પાટીયા, બેનર્સ વિગેરે જે કોઈ સ્થળે મુકવામાં આવે તે વિસ્તારમાં અમલમાં હોય તેવા સ્થાનિક નિયમો અથવા પેટા નિયમોનું પાલન કરવાનું રહેશે.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો અમલ આ હુકમની તારીખ થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી કરવાનો રહેશે. કોઈ રાજકીય પક્ષો/ઉમેદવાર તથા કોઈ વ્યકિત ધ્વારા ઉકત નિયમોનો ભંગ કરી ચૂંટણી લક્ષી કટ-આઉટ જાહેરાત પાટીયા અથવા બેનર્સ પ્રદર્શિત કરવામાં આવશે તો તે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (એફ) અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી. આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ચૂંટણીના પ્રચાર માટે ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડ બીલ વગેરે પ્રકારનું સાહિત્ય ઉમેદવારો કે રાજકીય પક્ષો ધ્વારા ઉમેદવારોની ઓળખ માટે કે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવા માટે વિવિધ સ્થળે છાપકામ કરાવી પ્રસિધ્ધ કરવામાં આવે છે તથા લોકોમાં વહેંચણી કરવામાં આવે છે. આવા દસ્તાવેજોમાં ધર્મ, જાતિ, જ્ઞાતિ, કોમ કે ભાષાને આગળ ધરીને મતદારોને અપીલ કરવી અથવા વિરોધી ઉમેદવારોના ચારિત્ર્ય ખંડન જેવી કોઈ ગેરકાનુની વાંધાજનક બાબત કે લખાણનો સમાવેશ થતો હોય તો સંબંધિત વ્યકિત સામે આવશ્યક શિક્ષાત્મક કે નિયંત્રક પગલાં લઈ શકાય તે માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો, હેન્ડબીલ વગેરેના મુદ્રણ અને પ્રકાશન બાબતે નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩

તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(એફ) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા.૧૭/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચે મુજબના નિયંત્રણો મુકવામાં આવે છે.

1) કોઈપણ વ્યકિત જેના પર મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામા ના હોય એવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો, હેન્ડબીલ, પ્લેકાર્ડ છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી અથવા છપાવી કે પ્રસિધ્ધી કરાવી શકશે નહી.

2) કોઈપણ વ્યકિત ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીતપત્રો છાપી શકશે નહી કે છપાવવાની વ્યવરથા કરી શકશે નહી સિવાય કે,

(ક) તેની સહીવાળા અને તેને અંગત રીતે ઓળખતો હોય તેવી વ્યકિતઓએ શાખ કરેલ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ તેણે મુદ્રકને આપી હોય,

(ખ) ઉમેદવારો તરફથી પ્રચાર માટે હોર્ડિંગ, પ્લેકાર્ડ, પોષ્ટર, ચોપાનીયા, ભીતપત્રો વિગેરે સાહિત્ય છાપવામાં આવે ત્યારે જે તે પ્રેસના માલિકે કે મુદ્રકે આવા સાહિત્ય ઉપર પોતાનું નામ, મુદ્રકનું નામ સરનામું તથા છાપેલા સાહિત્યની સંખ્યા લખવાની રહેશે.

3) છાપકામની કોઈપણ બાબત જે ગેરકાયદે અપરાધ પૂર્વગ્રહ ઉભો કરતા અથવા લીંગ, ધર્મ, જાતિ, જ્ઞાતિ, સમાજ અથવા ભાષા અથવા સામાવાળાના ચારિત્ર પર જીવલેણ હુમલા જેવી વાંધાજનક બાબતો હોવી જોઈએ નહી. અને વ્યકિતગત અસરકારક આક્ષોપો થઈ શકે તેવું લખાણ ન હોવું જોઈએ. આચારસંહિતાનો ભંગ થાય તેવું કોઈ લખાણ લખી શકાશે નહીં.

4) આવુ સાહિત્ય છાપનારે તેની ત્રણ (૦૩) નકલ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રીને મોકલી આપવાની રહેશે. તેમજ તે અંગે નિયત જોડાણમાં તે અંગેની લેખિતમાં જાહેરાત કરવાની રહેશે.

5) આ સૂચનાની તમામ પ્રિન્ટીંગ પ્રેસના માલિકો-મુદ્રકોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

6) રાજકીયપક્ષો/ ઉમેદવારોએ આ અંગે કરવામાં આવેલ ખર્ચની વિગતો, ખર્ચ રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧(બી)(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ ઉપરાંત ઉકત જોગવાઈઓ/સૂચનાઓના ભંગ બદલ યોગ્ય જણાયે મુદ્રણાલયની સામે કાનૂની પગલાં ભરવામાં આવશે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા / નગરપાલિકા / જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬

ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સદર ચૂંટણીમાં સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા જિલ્લો, નડિયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૧૭/૦૭/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ સુધી ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં વિશ્રામગૃહ/ ડાક બંગલા / સરકારી રહેણાંક વિગેરેના વપરાશ કરવા ઉપર નીચે મુજબના નિયંત્રણો મુકવામાં આવે છે.

૧. વિશ્રામગૃહ/ ડાક બંગલા/ સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તાધિકારી પક્ષના સભ્યો કે ઉમેદવારો એકહથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકના ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે પરંતુ કોઈપણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આંગણા) નો ઉપયોગ પ્રચાર, કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ/ અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગિક મીટીંગને પણ મંજૂરી આપી શકાશે નહી.

૨. ચૂંટણી પ્રચારમાં આવેલા જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ/ અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા-લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ / અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે. જો તેઓ આ માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ/ અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૩. એક જ વ્યક્તિને ૪૮ કલાકથી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી તેમજ ચૂંટણી પ્રચાર માટે આવતા કોઈ પણ મહાનુભાવોને મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામા આવેલ સમયના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ/ અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી.

૪. જે રાજકીય પદાધિકારીઓને ઝેડ કક્ષાની (ઝેડ સ્કેલ) કે જે તે રાજ્યના કાયદાની જોગવાઈ અનુસાર સમાન કે તેથી વધુ કક્ષાની સુરક્ષા વ્યવસ્થા આપવામાં આવેલી હોય તેમને રાજ્ય સરકાર હસ્તકના સરકારી વિશ્રામગૃહ/ અતિથિગૃહ, કેન્દ્ર સરકાર અગર રાજ્ય સરકારના જાહેર સાહસોના વિશ્રામગૃહ/ અતિથિગૃહમાં રહેવા માટે રૂમ ફાળવી શકાશે. પરંતુ ચૂંટણી કામગીરી સંભાળતા અધિકારીશ્રી અગર નિરીક્ષકોને અગાઉથી આ રૂમ ફાળવવામાં આવેલ ન હોય તે શરતે જ આ પ્રકારે રહેવા માટે રૂમો ફાળવી શકાશે.

૫. જો કે રાજકીય પદાધિકારીઓ વિશ્રામગૃહ/અતિથિગૃહમાં રહેતા હોય તે દરમ્યાન કોઈ પણ પ્રકારની રાજકીય પ્રવૃત્તિ હાથ ધરી શકશે નહી.

વિસ્તાર:-

મતગણતરી કેન્દ્રો અને તેની આસપાસના ૨૦૦ મીટર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા તથા દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર

સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જે મુજબ મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાનાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે તેમ જણાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મત વિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો નિયત સમયગાળો પૂર્ણ થયા પછી મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહિ તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે, કે જેઓને મતદાર વિભાગ બહારથી લાવવામાં આવ્યા હોઈ અને જેઓ મતદાર વિભાગના મતદારો ના હોય, તેઓ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર પ્રતિકૂળ અસર પડે અને કાયદો અને વ્યવસ્થા જોખમાવાની સંભાવના રહેલી છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ તા.૨૬/૦૭/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ સુધી ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર કરવા ઉપર.

2) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જે મુજબ મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાનાં ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચારની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ આવશે તેમ જણાવેલ છે. વધુમાં ઉમેદવારો તેમના ચૂંટણી મત વિસ્તાર બહારના સમર્થકોને ચૂંટણી પ્રચાર માટે એકત્ર કરી કામે લગાડે છે. પરંતુ પ્રચારનો નિયત સમયગાળો પૂર્ણ થયા પછી મતદાર વિસ્તારમાં ચૂંટણી પ્રચાર થઈ શકે નહિ તે હકીકતને ધ્યાનમાં લેતા રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો/ સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે, કે જેઓને મતદાર વિભાગ બહારથી લાવવામાં આવ્યા હોઈ અને જેઓ મતદાર વિભાગના મતદારો ના હોય, તેઓ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર વિભાગમાં હાજર રહે તો ચૂંટણી ન્યાયી અને મુકત રીતે થવા ઉપર પ્રતિકૂળ અસર પડે અને કાયદો અને વ્યવસ્થા જોખમાવાની સંભાવના રહેલી છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ તા.૨૬/૦૭/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૬ સ.ક.૧૮:૦૦ સુધી ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) મતદાન પૂર્ણ થવાના નિર્ધારિત સમય પહેલાના ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન ચૂંટણી પ્રચાર કરવા ઉપર.

2) પ્રચારનો સમયગાળો પુરો થયા પછી રાજકીય પદાધિકારીઓ/ પક્ષના કાર્યકરો / સરઘસ કાઢનારાઓ/ ચૂંટણી પ્રચારકો વિગેરે કે જેઓને મતદાર વિભાગની બહારથી લાવવામાં આવ્યા હોય અને જેઓ તે મતદાર વિભાગના મતદારો ન હોય, તેઓએ ચૂંટણી પ્રચારના અંત પછી મતદાર

વિભાગમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા / જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. મતદાનના દિવસે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને મતદાન મથકોની આજુબાજુમાં કોઈ અનિચ્છનીય બનાવ ના બને અને તેના કોઈ પ્રત્યાઘાત ના પડે તેમજ મતદાન શાંતિ રીતે પૂર્ણ થાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ હુકમ કરવો જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારના માન્ય થયેલ મતદાન મથકો ખાતે તા.૨૮/૦૭/૨૦૨૬ ના રોજ નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

1) ચૂંટણી આયોગની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ, ચૂંટણી અધિકારીશ્રી કે અન્ય સક્ષમ અધિકારીશ્રી પાસે નોંધાવ્યા સિવાયના કે માન્ય પરમીટ અને પરવાનગી સિવાયના વાહનો ચૂંટણી કામે વાપરવા સામે.

2) ચૂંટણી મતદાનના દિવસે મતદારોને તેમના ઘર-સ્થળથી વાહનમાં ભરી, મતદાન મથક સુધી લાવવા કે લઈ જવા સામે.

3) મતદાન મથકની ૧૦૦ મીટર ત્રિજયાના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરવા તથા ચૂંટણી ચિન્હો દર્શાવવા સામે.

4) મતદાન મથકની ૨૦૦ મીટરની ત્રિજયામાં બિનઅધિકૃત કાપલીઓ લઈ જવા સામે.

5) મતદાન મથકની ૧૦૦ મીટરની ત્રિજયામાં વાહનોની અવર-જવર સામે.

6) મતદાન મથકની ૨૦૦ મીટર ત્રિજયામાં હરિફ ઉમેદવારો / તેમના એજન્ટો/ તેમના કાર્યકરોના ટેબલ ખુરશી ચૂંટણી નિયમોથી વિરૂધ્ધ રીતે મુકવા સામે.

7) મતદાન મથકની ૨૦૦ મીટરની અંતર સુધીમાં કોઈપણ મંડપ બાંધવો નહી અને એક જ મંડપ બાંધી શકાશે અને તેમાં એક ટેબલ અને બે ખુરશી જ રાખી શકાશે. તડકા / વરસાદથી રક્ષણ માટે છત્રી અથવા તાડપત્રીનો ટુકડો માથાના ભાગે રાખી શકાશે પરંતુ મંડપની ફરતે કંતાન કે પછી પછેડી જેવી આડશ લગાવી શકાશે નહી.

8) નિયમોથી ઠરાવેલ સંખ્યા કરતાં વધુ વાહનો ચૂંટણીમાં વાપરવા સામે.

9) ચૂંટણી સભા, વાર્તાલાપ કે મતદારના વ્યક્તિગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતાં, ચારીત્ય ખંડન કરતાં, પ્રવચનો કરવા સામે.

10) ધર્મ, જાતિ, જન્મ સ્થળ, નિવાસ, ભાષા વગેરેની ભૂમિકા પર જુદા જુદા જનસમુહ/ વર્ગ વચ્ચે વૈમનસ્ય, તિરસ્કાર, ધ્વંશ વધે તથા જન

સંવાદિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોંકાવનારા સમાચાર વાળા વિધાન કરવા સામે કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવા સામે.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબ.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા. ૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સદર ચૂંટણીના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી આવશ્યક કાર્યવાહી કરવી વર્તમાન સંજોગોમાં ઉચિત અને વાજબી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા જિલ્લો, નડિયાદ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ નીચે ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા. ૧૭/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૭/૨૦૨૬ (બંન્ને દિવસો સુધ્ધાંત) સુધી સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય ચાર કરતાં વધુ માણસોએ એકત્રિત થવું નહિ, ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી કે સરઘસ કાઢવુ નહી કે પગપાળા કે વાહનમાં સવાર થઈને સરઘસ સ્વરૂપે નીકળવું નહિ.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

ખુલાસો:-

આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો તથા ગલીઓ અને પેટા ગલીઓનો તેમજ જાહેર મકાનોનો સમાવેશ થાય છે.

અપવાદ:-

(અ) આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

(બ) યથાપ્રસંગે સક્ષમ સત્તાધિકારીશ્રીએ દ્વારા આ હુકમની અમલવારી દરમ્યાન તેમના કાર્યક્ષેત્રમાં સભા / સરઘસ યોજવાની પરવાનગી આપી હોય તેવી સભા / સરઘસ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૩) અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન) તથા કલમ-૩૩(૧)(ઓ) તથા કલમ-૩૩(૧)(આર)(૩) મુજબ.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા / નગરપાલિકા / જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સદર ચૂંટણીઓના સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ હેઠળ નીચે મુજબનો હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા જિલ્લો, નડિયાદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(એન) તથા કલમ-૩૩(૧)(ઓ) તથા કલમ-૩૩(૧)(આર)(૩) ની ઉપલબ્ધ જોગવાઈઓ નીચે તા.૧૭/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડસ્પીકર વગાડવા માટે નીચે પ્રમાણેના નિયમોનું પાલન કરવા આથી ફરમાવું છું.

નિયમો:-

1) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ પરવાનગી મેળવીને સવારના ૦૮:૦૦ કલાકથી રાત્રિના કલાક ૧૦:૦૦ સુધી જ થઈ શકશે.

2) ચૂંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુંસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચૂંટણી પ્રચાર અર્થે કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહિ અને આ હેતુસર લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી માટે સંબંધિત તાલુકાના મામલતદારશ્રી પાસેથી નિયત નમૂનામાં અરજી કરીને પરવાનગી મેળવી લેવાની રહેશે.

3) લાઉડસ્પીકરની પરવાનગી મળેલ હોય, તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલ હોય તો, સદરહું કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદન ધીમા અવાજથી લાઉડસ્પીકર વગાડવાના રહશે.

4) યોગ્ય સત્તાધિકારીશ્રીની મંજુરીથી કાઢવામાં આવેલ સરઘસ કે મંડળીના સભ્યોએ જાહેર શાંતિ જોખમાય તેવું કોઈ વર્તન કરવું નહી. તેમજ કોઈ ધર્મ, જાતિ, સંગઠન પ્રત્યે ધૃણા ફેલાય તેવા સુત્રો પોકારવા નહી કે ભાષણો આપવા નહિ તેમજ યાતાયાત વ્યવસ્થાને કે જાહેર વ્યવસ્થાને અડચણરૂપ થાય તેવું કૃત્ય કરવું નહી.

(5) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામા આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

અપવાદ:-

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

1) ફરજ પરના ચૂંટણી અધિકારી, મદદનીશ ચૂંટણી અધિકારી, નોડલ અધિકારી, પોલીસ અધિકારી, ચૂંટણી પંચે અધિકૃત કરેલ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ.

2) સરકારી ફરજના ભાગરૂપે કાર્યવાહી કરતાં અધિકારીઓ અથવા તેઓને મદદ કરતી અધિકૃત એજન્સી.

શિક્ષા:-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૩૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા / નગરપાલિકા / જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. જે મુજબ ચૂંટણી દરમિયાન પરવાનેદાર હથિયાર ધારકો દ્વારા જાહેર જનતાને ભય, ત્રાસ કે નુકસાન ના પહોંચે તેમજ જાહેર વ્યવસ્થા અને સલામતિ જળવાઈ રહે તે માટે હથિયારો દ્વારા બળપ્રદર્શન તેમજ શસ્ત્રોની હેરાફેરી નિયંત્રણો મૂકવા જરૂરી છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડિયાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આથી ખેડા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સમાવિષ્ટ વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારોને આદેશ કરૂ છું કે, તેઓએ તેમની પાસેના પરવાનાવાળા દરેક પ્રકારના હથિયાર કે હથિયારો આ જાહેરનામું બહાર પડયાની તારીખથી દિવસ-૭ માં જિલ્લાના સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અનામત જમા કરાવી દેવા અને સંબંધિત પોલીસ સ્ટેશનોએ તથા પોલીસ હેડકવાર્ટસએ સંલગ્ન પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં રહેતાં હથિયાર પરવાનો ધરાવતાં તમામ વ્યકિતઓના હથિયાર કે હથિયારો જમા કરાવવા આવે તે માટે પગલાં લેવા તેમજ તમામ હથિયારો જમા થઈ ગયાં અંગેની જાણ અત્રેની કચેરીને કરવી.

આ આદેશ ખેડા જિલ્લામાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી તથા સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી આપવામાં આવેલ હોય તેવા હથિયારના પરવાનાઓ માટે તેમજ દેશના કોઈ પણ રાજયના કોઈ પણ હથિયાર લાયસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી હથિયાર લાયસન્સ મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે તેમજ આ આદેશ ખેડા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સમાવિષ્ટ વિસ્તારમાં રહેતા દરેક પ્રકારના હથિયારોના પરવાનેદારો અથવા ખેડા જિલ્લાના સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સમાવિષ્ટ વિસ્તારની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ-વેચાણ કરતા અધિકૃત પરવાનેદારો હથિયાર ખરીદ-વેચાણ આ સમયગાળા દરમ્યાન કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં સુધી પરવાનાધારકને કરી શકશે નહી. સંબંધિત પોલીસ સ્ટેશને પરવાનેદાર દ્વારા જમા કરાવેલ હથિયાર પરત કરવાનું રહેશે અને તેના માટે કોઈ અલગ હુકમની જરૂરીયાત રહેશે નહી.

જે હથિયાર પરવાનાઓની મુદત પૂર્ણ થયેલ હોય અને રિન્યુઅલ અર્થે અત્રેની કચેરીમાં કે સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરીમાં રજૂ કરેલ હોય તેવા હથિયાર પરવાના હેઠળના હથિયારો પરવાનાની ઝેરોક્ષ નકલ, રીન્યુ અરજી રજૂ કર્યાની સબંધિત કચેરીની કોમ્પ્યુટરાઈઝડ પહોંચ કે જેમાં સહીની જરૂર રહેતી નથી તેવી પહોંચ તથા રીન્યુ ફી ભર્યા અંગેના ચલણની નકલની ખરાઈ કરી જમા લેવાના રહેશે અને તેવી જ રીતે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયે પરત સોંપવાના રહેશે.

ચૂંટણી પ્રક્રિયા શરૂ થયેલ હોઈ યોગ્ય સમયમાં નોટીસ બજાવી શકાય તેમ ના હોઈ અને સુનાવણી આપવાનું શક્ય ના હોઈ ઉપર પેરામાં જણાવેલ હુકમ હું ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ જાહેર કરું છું.

સમયગાળો:-

તા.૧૭/૦૭/૨૦૨૬ થી તા.૦૧/૦૮/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી.

અપવાદ:-

આ આદેશમાંથી નીચેના હથિયાર પરવાનેદારોને મુક્તિ આપવામાં આવે છે.

1) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

2) ઈન્ડીયન નેશનલ રાયફલ એસોસિએશનના સભ્યો.

3) માન્યતા ધરાવતી સિક્યુરીટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીય, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એટીએમ તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથીયારધારી સિક્યુરીટી ગાર્ડને તેમના હથીયાર જમા કરાવવામાં મુક્તી આપવામાં આવે છે. આવા સિક્યુરીટી ગાર્ડે તેઓ જે બેન્કમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સબંધિત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

4) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, ખેડા-નડીઆદ ધ્વારા ખાસ પરવાનગી આપેલ હોય તેવા કિસ્સામાં.

હથિયારના પરવાનેદારોએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં પરવાનાવાળા હથિયારો જમા કરાવવાના રહેશે તેના કાર્ટીસ/દારૂગોળો જમા કરાવવાની જરૂર નથી.

આ આદેશનું પાલન નહી કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ડી)(બી) અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે.

File No: KHD/MAG/e-file/450/2026/2325/MAG BRANCH.-માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા સ્થાનિક સ્વરાજ સંસ્થાની (મહાનગરપાલિકા/ નગરપાલિકા/ જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત) ની પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૦૩/૦૭/૨૦૨૬ ના રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લામાં ફાગવેલ તાલુકા પંચાયતની ચિખલોડ બેઠક પર પેટા ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણીમાં મતદાનની તારીખ તા.૨૮/૦૭/૨૦૨૬ નિયત થયેલ છે તથા સદર ચૂંટણીમાં થયેલ મતદાનની મતગણતરી તા.૩૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. માન. રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૭/૧૧/૨૦૨૧ ના આદેશથી આદર્શ આચાર સંહિતાના અમલીકરણ બાબતે જરૂરી સૂચનાઓ આપેલ છે. ખેડા જિલ્લામાં સુંદર ચૂંટણીમાં સરળ અને સફળ સંચાલન માટે તેમજ ચૂંટણીના કાર્યક્રમ દરમ્યાન જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઇ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે

આગોતરા પગલાં ભરી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ નીચે આવશ્યક કાર્યવાહી કરવી વર્તમાન સંજોગોમાં ઉચિત અને વાજબી જણાય છે.

આથી હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(ડી)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ આથી ખેડા જિલ્લામાં યોજાનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં સમાવિષ્ટ વિસ્તારમાં તા. ૧૭/૦૭/૨૦૨૬ થી તા.૩૦/૦૭/૨૦૨૬ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું કે,

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ સરકારી મકાન/જાહેર મિલ્કતની દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકશે નહી. કોઈપણ રોડ રસ્તા ઉપર પણ આવા લખાણો લખી શકશે નહી અથવા પોસ્ટર/ કાગળો ચોંટાડી કે કોઈપણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી નિદર્શન કરી શકશે નહીં.

(૨) આ હેતુ માટે સરકારી મકાન-જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેના પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સૂચનાઓ અને રસ્તાઓની દિશા સૂચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ રેલ્વે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલવે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેકટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો, રાજય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી. ડેપો બસ સ્ટોપ કે વાહનોનો સમાવેશ થશે.

વિસ્તાર:-

ફાગવેલ તાલુકા પંચાયતના ચિખલોડ મતદાન મંડળમાં સમાવિષ્ટ સમગ્ર વિસ્તાર.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧(બી)(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતના ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીઆદ તા.૧૭/૦૭/૨૦૨૬

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીઆદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:41:03 IST